# ૬૭

ખાણ અને ખનીજ પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ

*૧૫/૪/૨૧ : શ્રી તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાણ અને ખનીજ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ, | (૧) ખાણ અને ખનીજ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં વર્ષવાર બજેટમાં કરેલ જોગવાઈની વિગતો નીચે મુજબ છે. |
| (૨) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી? | (૩) ફાળવેલ રકમ પૈકી વર્ષવાર થયેલ ખર્ચ તથા વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે. |

(૧)

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૧૮૭૧૧.૨૮ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૨૩૯૩૧.૦૬ |

(૨)

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | ફાળવવામાં આવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૨૧૩૮૯.૪૫ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૨૨૩૭૩.૦૧ |

(૩)

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ | બચત રહેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૨૧૨૩૨.૬૪ | ૧૫૬.૮૧ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૨૦૯૩૭.૩૬ | ૧૪૩૫.૬૫ |

વર્ષ ૨૦૨૧–૨૨માં વણવપરાયેલ રકમના કારણો:

- તા.૩૧/૦૩/૨૦૨૨ ની સ્થિતિએ વર્ગ–૧ થી ૪ ની કુલ ૮૭૦ મંજૂર જગ્યાની સામે ૩૮૩ જગ્યા ભરાયેલ હતી તથા ૪૮૭ જગ્યા ખાલી રહેલ હતી.
- કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થવાના બાકી હોવાના કારણે બચત રહેલ છે.
- પ્રયોગશાળાના ખરીદવામાં આવનાર જુદા–જુદા સાધનોના સ્પેસિફીકિશન તેમજ અન્ય બાબતો/શરતો નક્કી કરાવવાના થતાં હોઇ તે અંગે આંતરિક કમિટી તરફથી મંજૂરી મળ્યા બાદ GeM પોર્ટલ પર બીડ બનાવવાની કાર્યવાહી કરવામાં તથા આગળની જરૂરી કાર્યવાહી કરવાને કારણે સમયમર્યાદામાં ખરીદી થઈ શકેલ ન હોવાથી બચત રહેલ હતી.

વર્ષ ૨૦૨૨–૨૩માં વણવપરાયેલ રકમના કારણો:

- કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થવાના બાકી હોવાના કારણે બચત રહેલ છે.

- ખાલી જગ્યાઓ ન ભરાવાના કારણે બચત રહેલ હતી.
- ગ્રેનાઇટ, બ્લેકટ્રેપ, બેંટોનાઇટ, ચાઈના કલે પોલીસી મંજૂર ન થવાથી બચત રહેલ હતી.
- Special Purpose Vehicleએ ગુજરાત સરકાર અને GMDC ના સંયુક્ત સાહસ તરીકે નિર્માણ પામનાર કંપની હોઈ તેના રજીસ્ટ્રેશન કરવાના થાય અને મેમોરેન્ડમ ઓફ એસોસિએશન તથા તે માટે પેઈડ અપ કેપિટલ વગેરે તૈયાર કરવાના થાય જેને આધારે સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કરવાની પ્રક્રિયા થઈ શકે. આ તમામ બાબતો કાર્યવાહી હેઠળ હોવાના કારણે બચત રહેવા પામેલ છે.
- પ્રયોગશાળાના ખરીદવામાં આવનાર જુદા–જુદા સાધનોના સ્પેસિફીકિશન તેમજ અન્ય બાબતો/શરતો નક્કી કરાવવાના થતાં હોઇ તે અંગે આંતરિક કમિટી તરફથી મંજૂરી મળ્યા બાદ GeM પોર્ટલ પર બીડ બનાવવાની કાર્યવાહી કરવામાં તથા આગળની જરૂરી કાર્યવાહી કરવાને કારણે સમયમર્યાદામાં ખરીદી થઈ શકેલ ન હોવાથી બચત રહેલ હતી.